## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



આમ તો હું ટાઢી સાતમ નતી કરવાની, પણ આ ગ્લોબલ વોર્મિંગનું વાંચી વાંચીને થયું કે એક દી ટાઢી સાતમ કરવી જ જોઈએ... જે થોડી ઘણી પૃથ્વિ ઠંડી પડે...!!

# અડાલજ બાલાપીર ચોકડી પાસે વ્યંઢળને ત્રણ શખ્સો લૂંટી ફરાર

ગાંધીનગર, તા.૨૧

અમદાવાદના ઘાટલોડીયા વિસ્તારમાં રહેતા વ્યંઢળ કોઠા ગામે માતાજીના દર્શાનાર્થે પગપાળા જઈ રહ્યા હતા. તે સમયે અડાલજ પાસે આવેલી બાલાપીરની ચોકડી નજીક રાત્રીના પોણા નવ વાગ્યાના અરસામાં વ્યંઢળ સાથે લુંટની ઘટના બની હતી.

ઘાટલોડીયા વિસ્તારમાં રહેતા પિન્કી ડે કશીશ ડે (ઉ.વ.૪૯) એકલા કોઠા ગામે હડકાઈ માતાજીના દર્શન કરવા માટે ચાલતા જઈ રહ્યા હતા. ત્યારે અડાલજ પાસે આવેલ બાલાપીર ચોકડી નજીક રાત્રીના સમયે ત્રણ શખ્સો બાઈક પર આવ્યા હતા. ત્રણમાંથી એક પ્રાંજલમાસી (વ્યંઢળ) હતા અને બીજા બે અન્ય યુવાનો હતા. જેમાં પ્રાંજલ માસી ફરીયાદીને અપશબ્દો બોલવા લાગ્યા હતા અને હાથમાં રહેલો ધોકો પગમાં ફટકાર્યો હતો. જે બાદ બંન્ને યુવાનોએ ફરીયાદીને પકડી લીધા હતા. ત્રણેય જણાએ ઝપાઝપી કરીને તેમની પાસે રહેલા રૂ.૪ હજાર રોકડા અને આંગળીમાં પહેરેલી સોનાની વીંટીની લુંટ ચલાવી હોવાનો આક્ષેપ ફરીયાદીએ કર્યો છે. લુંટ બાદ ત્રણેય ત્યાંથી ભાગી ગયા હતા. બનાવ અંગે ફરીયાદીએ રાત્રે બે વાગ્યાના અરસામાં અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૧૦ હજારની મત્તા અને ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગરના બે અગ્રણી વકીલો ભાજપમાં જોડાયા

ગાંધીનગર, તા. ૨૧

કોંગ્રેસ લીગલ સેલના પૂર્વ ઉપપ્રમુખ અને હાલ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના



એક્ઝીક્યુટીવ ચેરમેન કરણસિંહ વાઘેલા આજે ૫૦૦ જેટલા તેમના વકીલ મિત્રો સાથે ભાજપમાં પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં જોડાયા છે. વાઘેલાએ જણાવ્યુ છે કે વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે કાશ્મીરમાંથી ૩૭૦ અને ૩૫ એ હટાવવાનો નિર્ણય કરી અને અખંડ ભારતના નિર્માણની કલ્પનાને સાકાર કરવાની દિશામાં જે પગલાં ભર્યા છે તેનાથી તેમજ મુખ્યમંત્રી રૂપાણી અને રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા દ્વારા રાજ્યના વિકાસમાં જે યોગદાન આપી યુવાનોને પ્રેરીત કરી રહ્યા છે તે બધાથી આકર્ષિત થઈ ભાજપમાં પ્રવેશ લીધો છે. તેમણે કહ્યુ હતુ કે તેઓ પક્ષના કાર્યકર બની અને સંગઠ્ઠનના આગેવાનો સાથે ખભે ખભા મિલાવી પક્ષના મજબુતીકરણની દિશામાં કામ કરશે.

ગાંધીનગર બાર કાઉન્સિલના સભ્ય અને નગરના જાણીતા એડવોકેટ શંકરસિંહ ગોહીલ તેમજ કરણસિંહ વાઘેલા આજે ભાજપમાં જોડાયા છે. સિનિયર એડવોકેટ શંકરસિંહ એસ ગોહીલ અગાઉ ગાંધીનગર બાર એસોસિએશનના પ્રમુખ પણ રહી ચુકયા છે. જયારે હાલ બાર કાઉન્સિલના સભ્ય છે. જયારે કરણસિંહ વાઘેલા હાઈકોર્ટના વકીલ છે. તેમજ બાર કાઉન્સિલના સભ્ય છે. નગરના આ બન્ને નામી વકીલો કેસરીયો ખેસ પહેરી ભાજપમાં જોડાતા વકીલ આલમે પણ અભિનંદન પાઠવ્યા છે. ભાજપના આગેવાનોએ પણ તેમને શુભેચ્છા પાઠવી વેલકમ કર્યા છે.



## મેયર રીટાબેન પટેલે જન્મદિવસ સાદગીપૂર્ણ રીતે ઉજવ્યો

ગાંધીનગર મહાનગર પાલિકાના યુવા મહિલા મેયર રીટાબેન પટેલે મંગળવારે તેમનો જન્મદિવસ ખૂબ જ સાદગીપૂર્ણ રીતે ઉજવ્યો હતો. આ સાથે તેમણે શહેરની સિવિલ હોસ્પિટલમાં મહિલા અને બાળ દર્દઓની મુલાકાત લીધી હતી. જેમાં તેમણે દર્દીઓના હાલચાલ પુછવા સાથે ફળફળાદિ ભેટ આપ્યા હતા.

# કોબા પાસે આવેલા પાંડવવાડી મહાવીર હિલ્સના બંધ મકાનમાં ચોરી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર કોબા પાસે આવેલા પાંડવવાડી મહાવીર હિલ્સ ખાતે બંધ મકાનમાં ચોરી થઈ છે. ઘરના સભ્યો સોમનાથ-દિવ ફરવા ગયા હતા તે સમયે ચોર ઈસમોએ ઘરમાં ઘુસીને સામાન વેર વિખેર કરીને રૂ.૩ લાખના દાગીના લઈ રફુચક્કર થઈ ગયા છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની મળતી વિગત મુજબ કોબા પાંડવવાળી ખાતે મહાવીર હિલ્સમાં ૬૦૨ ખાતે જીગરભાઈ ભરતભાઈ જયસ્વાલ ખાતે પરિવાર સાથે રહે છે અને ફેબીકેશનનો વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગત તા.૧૭ ઓગસ્ટના રોજ તેઓ પરિવાર સાથે સોમનાથ અને દિવ ફરવા માટે ગયા હતા. ત્યારે બંધ મકાનને ટાર્ગેટ કરીને ચોર ઈસમો મુખ્ય દરવાજાનું લોક તોડીને અંદર પ્રવેશ્યા હતા. સવારના સુમારે ઘરનો દરવાજો લોક તુટેલી હાલતમાં જોતા પાડોશીએ જીગરભાઈને ચોરી અંગે ફોન પર જાણ કરી હતી. પરિવારના સભ્યો પ્રવાસ અધુરો મુકીને ગાંધીનગર દોડી આવ્યા હતા અને ઘરમાં તપાસ કરી હતી તો લાકડાના કબાટમાં પડેલા રૂ. ૩,૦૫,૦૦૦ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના ગાયબ હતા. બનાવ અંગે જીગરભાઈએ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પીઆઈ એસ.જે.રાજપૂતે ચોર ઈસમોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. જયારે પોલીસની પ્રાથમિક તપાસમાં સીસીટીવી ફુટેજમાં ત્રણ થી ચાર યુવાનો શંકાસ્પદ દેખાઈ રહ્યા છે.



ગાંધીનગર શહેર મહાનગરપાલિકાના ડે. મેયર નાજાભાઈ ધાંધરે વોર્ડ અને શહેરના મુખ્ય માર્ગો પર નમી પડેલા ઝોખમી વૃક્ષોનું તાત્કાલિક જાતે ઉભા રહીને ટ્રીમીંગ કરાવ્યુ હતુ. ચોમાસાની સિઝન હોવાથી વરસાદ કે વાવાઝોડા દરમિયાન વૃક્ષ ધરાશાયી થાય તે પહેલા ટ્રીમીંગ કરાવતા ચોમાસામાં વૃક્ષો ધરાશાયી થવાની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે.

## સે. ૩-ન્યુ વસાહત મંડળે વિજયનગરની પોળોનો પ્રવાસ યોજ્યો

ગાંધીનગરના સેક્ટર-૩-ન્યુ વસાહત મંડળ દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં સેક્ટરના વરિષ્ઠ નાગરિકો સહિત વસાહતીઓ માટે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગિયોડ અંબાજી મંદિર, વિરેશ્વર મહાદેવ સહિતના ધાર્મિક સ્થળો ઉપરાંત સાબરકાંઠા-અરવલ્લીના મીની કાશ્મીર સમા વિજયનગરની પોળોના જંગલ વિસ્તારને આવરી લેવામાં આવ્યો હતો. પ્રવાસીઓએ કુદરતના સાનિધ્યમાં જંગલના લીલાછમ વૃક્ષો, ડુંગરોના ખડકો પરથી વહેતા ઝરણાં સહિતના સુંદર દશ્યોનો નજારો માણ્યો હતો. સે. ૩-ન્યુ વસાહત મંડળના પ્રવાસમાં યોગગુરૂ આર.આઈ. પંડ્યા, બાબુભાઈ પટેલ, વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજા, શરદભાઈ પટેલ, બાબુભાઈ પ્રજાપતિ, ડૉ. એચ.ટી. પરમાર વગેરેએ વ્યવસ્થા પુરી પાડવા અંગે જહેમત ઉઠાવી હતી.

## વૈજનાથ મહાદેવ ખાતે યોજાયેલ રક્તદાન કેમ્પમાં ૭૩ યુનિટ્સ રક્ત એકત્ર થયું

શહેરના ચ-૬ સર્કલ પાસેના સુપ્રસિદ્ધ વૈજનાથ મહાદેવ ખાતે દર સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે. ગત રવિવારે આયોજિત થયેલા રક્તદાન કેમ્પમાં કુલ ૭૩ યુનિટ રક્ત એકત્ર થવા પામ્યું હતું. રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગરની સિવિલ હોસ્પિટલની ટીમે આપી હતી. આ કેમ્પનું આયોજનમાં મદદરૂપ થનાર ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની જિલ્લા શાખા દ્વારા થેલેસેમિયા જાગૃતિ અંગેની પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## રાયપુર ગામે સ્વ. રાજીવગાંધી જન્મજયંતિ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર તાલુકાના રાયપુર ગામે સ્વ. રાજીવ ગાંધીની ૭૫મી જન્મજયંતિ નિમિત્તે કોંગ્રેસ સેવાદળ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિરેન્દ્રસિંહ, જગતસિંહ ચૌહાણ, કાળુસિંહ ડાભી, ગામના સરપંચ લક્ષ્મણસિંહ સોલંકી ઉપસ્થિત રહી બળિયાદેવ મંદિર પાસે વૃક્ષો વાવી તેનું જતન કરવાની નેમ લીધી હતી.

## આયુષ્યમાન ભારત-હેલ્થ એન્ડ વેલનેસ કેન્દ્રો પર

# ‘‘આરોગ્ય સમન્વય’’ અંતર્ગત યોગ, આયુર્વેદિક અને નેચરોપેથીની વિવિધ પદ્ધતિઓ દ્વારા સારવારનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૧

૮૫ ટકા લોકો જે સ્વસ્થ છે તેમને સ્વસ્થ રાખવા અને ૧૫ ટકા બીમાર લોકોને નજીકમાં અને વિનામૂલ્યે સારવાર મળી રહે તે હેતુથી તેમજ મૃત્યુનું પ્રમાણ અને માંદગીનું પ્રમાણ ઘટાડી શકાય, લાભાર્થીના ખિસ્સામાંથી થતો ખર્ચ ઘટાડી શકાય, બિન સંચારી રોગના પ્રમાણમાં ઘટાડો કરી શકાય તેવા ઉમદા હેતુથી વડાપ્રધાન દ્વારા આયુષ્યમાન ભારત અંતર્ગત તા. ૨૩-૯-૨૦૧૮ના રોજ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. કોમ્પ્રીહેન્સીવ પ્રાયમરી કેર (સંકલિત પ્રાથમિક આરોગ્ય સેવાઓ) પહોંચાડવાના ભાગરૂપે વર્ષ ૨૦૨૨ સુધીમાં રાજ્યભરમાં ૧૧,૦૦૦ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો શરૂ કરવાનો લક્ષ્યાંક છે.



જે પૈકી રાજ્યના ગ્રામિણ વિસ્તારમાં ૧૬૦૦ કેન્દ્રો (પેટા આરોગ્ય કેન્દ્રો તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે) તથા શહેરી વિસ્તાર (મહાનગરપાલિકા સહીત)માં ૭૧ કેન્દ્રો (શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે) શરૂ કરવામાં આવેલ છે.

હેલ્થ અને વેલનેસ સેન્ટર ખાતે કુલ ૧૨ જેટલી આરોગ્ય વિષયક સેવાઓ આપવામાં આવે છે જેમાં મુખ્યત્વે ડાયાબિટીસ, હૃદયરોગ, કેન્સર, બીપી, સ્ટ્રોક, ટીબી જેવા રોગો અટકે તેમજ તેના વિષે સમાજમાં જાગરૂકતા ફેલાય તેમજ સામાન્ય સારવાર તથા જરૂરી રેફરલ વગેરે સેવાઓમાં એકરૂપ થઈને લોકો સુધી પહોંચે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ઉપરાંત આંખ, નાક, કાન તથા ગળાને લગતી બીમારી, દાંતના આરોગ્યને સંબંધિત સેવાઓ, માનસિક આરોગ્યને લગતી બીમારીઓનું નિદાન તેમજ સારવાર, વધુ વય ધરાવતા વ્યક્તિઓ માટે ઉંમરને સલંગ્ન સારવાર ઉપલબ્ધ કરવામાં આવે છે. પેટા આરોગ્ય કેન્દ્રો ખાતે ૭ જેટલા તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૧૯ જેટલા લેબોરેટરી ટેસ્ટ એ રીતે પૂરા પાડવામાં આવશે કે જેથી દર્દીને આ માટે દૂરના ગામ સુધી જવુ ન પડે. તેમજ લાબા ગાળાની બીમારીઓ જેવી કે, ડાયાબિટીસની દવાઓ (જેવી કે, મેટફોર્મીન, ઈન્સ્યુલીન), હાયપર ટેન્શનની દવાઓ (જેવી કે, એટનોલોલ, એમ્લોડીપીન) દર્દીના રહેઠાણની નજીક મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પેટા આરોગ્ય કેન્દ્રો ખાતે હવેથી કોમ્યુનીટી હેલ્થ ઓફિસરની નિમણુંક કરવામાં આવે છે જેમના દ્વારા કસરત, યોગા, પ્રાણાયામ, તંદુરસ્ત જીવનશૈલી, તંદુરસ્ત આહારવિજ્ઞાન, વ્યસનમુક્તિ, બીનસંચારી રોગોનું સ્ક્રીનીંગ જેવી વેલનેસ પ્રવૃત્તિઓ કરવામાં આવશે.

## પંચાયતમાં ચીટનીસની જગ્યા ૩ વર્ષ બાદ ભરાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં છેલ્લા ત્રણ વર્ષ કરતાં પણ વધુ સમયથી ખાલી ચીટનીસની જગ્યા ભરાઈ જવા પામી છે. રાજ્યના પંચાયત વિભાગે આ જગ્યા પર એમ.બી. રાવની નિયુક્તી કરી છે. તેમણે તેમની નવી જગ્યાનો ચાર્જ સંભાળી લીધો છે.

આ ઉપરાંત દહેગામન ટી.ડી.ઓ.ની ઈડર ખાતે બદલી થઈ છે અને ઈડર ટી.ડી.ઓ. તરીકે ફરજો બજાવતા કુ. રૂબીસિંહ રાજપૂતે દહેગામ ખાતે તેમની નવી જગ્યાનો ચાર્જ સંભાળી લીધો છે.

જિલ્લા પંચાયતમાં હજુ ડે. ડી.ડી.ઓ. પંચાયતની જગ્યા ખાલી પડી છે. હાલ આ જગ્યા ચાર્જમાં ચાલી રહી છે.

# પરપ્રાંતિય સમુદાયને જરૂરી પ્રમાણપત્રો મેળવવામાં પડતી મુશ્કેલીઓ અંગે મુખ્યમંત્રીને આવેદનપત્ર અપાયું

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતમાં દેશના વિભિન્ન પ્રાંતોમાંથી આવીને વસતા પરપ્રાંતિય ઓબીસી, ઈબીસી, એસસી, એસટી



વગેરે વર્ગના નાગરિકોને તેમના જાતિના પ્રમાણપત્રો, ડોમિસાઈલ સર્ટિફિકેટ વગેરે પ્રાપ્ત કરવા પડતી તકલીફો દૂર કરવા તથા જાતિના પ્રમાણપત્રની ‘કટ ઓફ ડેટ’ તા. ૧લી એપ્રિલ ૧૯૭૮ને સંશોધિત કરવા સાથેની માંગ કરતું આવેદનપત્ર મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને તા. ૨૦મી ઓગષ્ટ સોમવારે આપવામાં આવ્યું હતું. આવેદનપત્ર આપવા માટે પરપ્રાંતિય ઈબીસી-ઓબીસી અધિકાર મંચના પદાધિકારીઓનું એક પ્રતિનિધિ મંડળ સંયોજક તુલસીભાઈ માળી તથા બનાસકાંઠાના સાંસદ પરબતભાઈ પટેલની આગેવાની સાથે મુખ્યમંત્રીને મળ્યુ હતુ જેમાં પૂર્વ ધારાસભ્ય જગરૂપસિંહ, દત્તા સિરિનદાસ, ચુનીલાલ પ્રજાપતિ, ઈન્દ્રભાઈ પ્રજાપતિ, અર્જુનસેન, કાલુરામ લુહાર, વરદીચંદ, દુલીચન્દ વસીટા, મંગીલાલ ગુર્જર, જગદાન ચારણ ગઢવી, મોતી મહારાજ, મનોજ મૌર્યા, રણજીત, અજિત મિશ્રા, મુકેશ વ્યાસ વગેરેનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં લાંબા સમયથી પરપ્રાંતિયો તેમને જરૂરી અગત્યના પ્રમાણપત્રો મેળવવા બાબતે મુશ્કેલીઓ અનુભવી રહ્યા છે.




જિલ્લાકક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કલોલ ખાતે યોજાઈ હતી. જેમાં કલેક્ટર, જિલ્લા પોલીસ અધિકારીની ઉપસ્થિતિમાં ગુજરાત સરકારના મંત્રી કૌશિકભાઈ દ્વારા સિનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગરના આરોગ્ય વિભાગના કન્વીનર દશરથભાઈ એમ. પરમારને વિવિધ સામાજીક કામગીરી કરવા બદલા પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ગુજરાતના યજમાન પદે ૧૬મી રોલ બોલ નેશનલ ચેમ્પિયનશીપનું આયોજન

રોલ બોલ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા આગામી તા. ૨૨ થી ૨૫ ઓગષ્ટ દરમ્યાન સુરતના પી.પી. સવાણી સ્ટેડિયમ ખાતે ૧૬મી સિનિયર રોલ બોલ નેશનલ ચેમ્પિયનશીપ-૨૦૧૯-૨૦નું આયોજન કરવામાં આવ્યું છે. આ ચેમ્પિયનશીપમાં દેશભરમાંથી રોલ બોલની સિનિયર ટીમો ભાગ લઈ રહી છે. ગુજરાત રોલબોલ એસોસિએશન દ્વારા આ પ્રસંગે ગુજરાતની રોલબોલ ટીમોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં મહિલા ટીમમાં માનસી સાવલીયા, અશિતિ સાવલિયા, જાનવી ભાખર, લીઝા રામાણી, દેવાંશી પટેલ, જીલ કાકડિયા, પ્રાચી પટેલ, ડૉના પટેલા, હેલી શાહ, હનિસા બથેજા, ઉપરાંત ગોલકીપર તરીકે ઉર્વિશા મેંદપરા અને સંગીતા ખુદશનો સમાવેશ કરાયો છે. આ સાથે પુરૂ ટીમમાં ચેતન ડોંડા, હર્ષ પાન્ડે, પ્રિત ગલાણી, ધનંજય ઝીંઝુવાડિયા, મંથન બારવલિયા, તિર્થ કોષિયા, સાહિલ તન્ના, શિવ મહેતા, રાજીવ સાહુ, જેનિશ શાહ અને ગોલકીપર તરીકે હર્ષ સાહુ, જેનિસ શાહ અને ગોલકીપર તરીકે હર્ષ થેસિયા તથા યશ ચુડાસમાની પસંદગી કરવામાં આવી છે. રોલ બોલ એસોસિએશનના પ્રમુખ ધર્મેશ પરમાર તથા જનરલ સેક્રેટરી દિવ્યેશ ગોહીલ ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

## જાહેરનામું

**મહેસુલ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર

તારીખ : ૫/૮/૨૦૧૯

**જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**

જીલ્લો : અરવલ્લી

ક્રમાંક : અમ-૨૦૧૯-૫૦૯-મ-જઅવ-૧૭૧૮-૮૩૧-ચ

ગુજરાત સરકાર દ્વારા જાહેર હેતુ માટે જમીન સંપાદનના સંબંધમાં કેન્દ્ર સરકારના જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિકતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ના હેઠળ ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારને જમીન સંપાદનમાં સંબંધમાં કાર્યો સુપ્રત કરવામાં આવેલ છે. જ્યારે ગુજરાત સરકારને લાગે છે કે નીચે આપેલ અનુસુચિમાં ઉલ્લેખિત જમીનની જરૂરીયાત ‘સુજલામ સુફલામ કેનાલ સાંકળ ૧૧૦.૩૧૦ કિ.મી. પર આવેલ બ્રીજના એપ્રોચ રોડ અને સાંકળ ૧૦૯.૮૦૦ થી ૧૧૦.૩૦૦ મી. વચ્ચે ગટલ લાઈન’ જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

અને જ્યારે ગુજરાત સરકાર, મહેસુલ વિભાગના જાહેરનામા નં. અમ/૨૦૧૮/૬૩૭/મ/જઅવ/૧૭૧૮/૮૩૧/ચ તા. ૨૦/૮/૨૦૧૯ના રોજ કાયદા અનુસાર પ્રકાશિત કર્યા હતા. તે જાણ કરવામાં આવી હતી કે, શિડ્યુલમાં ઉલ્લેખિત જમીનોની જરૂરીયાત જાહેર હેતુ માટે અને ગુજરાત જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિકતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૫ હેઠળ નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજના હિંમતનગરના રીપોર્ટથી સંતુષ્ટ છે જે જણાવે છે કે અનુસુચિ મુજબ કહેવાતી જમીનોને સંપાદિત કરવાની જરૂર છે.

આથી ઉક્ત અધિનિયમની કલમ-૧૯ની જોગવઈ હેઠળ એ જાહેર કરવામાં આવે છે કે, ઉપર ઉલ્લેખિત જાહેર હેતુ માટે જમીનો ગામ ફતેપુર તાલુકા બાયડ જી. અરવલ્લીની કુલ ૦-૯૪-૨૦ હે.આરે.ચો.મી.ની જરૂર છે.

કોઈપણ કુટુંબ જમીન સંપાદનના કારણે વિસ્થાપિત નથી થઈ રહ્યું અને તેથી કોઈપણ પુનઃસ્થાપન વિસ્તારની જરૂર નથી.

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિકતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ના કલમ-૩(જી) હેઠળ નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજના હિંમતનગરને આથી કહેવાતી જમીન સંપાદનની ભવિષ્યની પ્રક્રિયાઓ માટે કલેક્ટરના બધા કાર્યો કરવા માટે નિયુક્ત કરવામાં આવે છે.

જમીનના નકશાનું નિરીક્ષણ કોઈપણ કામના દિવસે નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાઈ હિંમતનગરની ઓફીસમાં કરી શકાશે.

**અનુસુચિ**

જીલ્લા : અરવલ્લી — તા. બાયડ — ગામ : ફતેપુર

| અ.નં. | જુનો સર્વે નંબર | નવીન સર્વે નંબર | સંપાદીત થથી જમીનનું ક્ષેત્રફળ |
|---|---|---|---|
| ૧ | ૧૨ પૈકી | ૧૯ | ૦૩૩-૪૫ |
| ૨ | ૧૩ | ૨૮ | ૦-૦૮-૮૫ |
| ૩ | ૧૪ | ૨૭ | ૦-૧૦-૮૦ |
| ૪ | ૧૫ પૈકી | ૨૪ | ૦-૧૩-૮૦ |
| ૫ | ૨૧ | ૩૮ | ૦-૦૯-૭૨ |
| ૬ | ૨૨ | ૩૯ | ૦-૦૯-૯૦ |
| ૭ | ૨૩ | ૩૧ | ૦-૦૭-૬૮ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-

સરકારના ઉપસચિવ

નામાનિ/હિંમત/૧૯૬/૧૯

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧ ૨૩૨૩૭૫૭૧

ઉત્તર ગુજરાતમાં બીલ્ડર્સ, એન્જીનીયર્સ, કોન્ટ્રાક્ટર્સ, ગર્વ. કોન્ટ્રાક્ટર્સ, RMC પ્લાન્ટ પ્રિકાસ્ટ ટાઈલ્સ ઉદ્યોગ, તેમજ ૧૧૬ કાઉન્ટર સાથે વિશાળ નેટવર્ક ધરાવતી ફર્મ




કૈલાસ ટ્રેડર્સ -ગાંધીનગર

દર્શન- ૯૯૯૮૪ ૭૩૨૦૦ | નીતેષ - ૯૮૯૮૭ ૬૧૮૪૫

હાર્દિક - ૯૦૩૩૮ ૨૩૭૦૫ | નીલાક્ષ - ૮૧૪૦૦ ૨૫૬૩૫

**INDIAN INSTITUTE OF TEACHER EDUCATION**

Ramkrishna Paramhans Education Complex, Nr. Mahatma Mandir, "KH"-5, Sectro-15, Gandhinagar.

Phone - : 079-23243733.

**ભાવ પત્રક મેળવવા અંગેનો સુધારો**

આઈ.આઈ.ટી.ઈ.ગાંધીનગરનાં મુખ્ય સંકુલ અને છાત્રાલય સંકુલ ખાતેની વિવિધ કામગીરી,ખરીદી, માટે વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ અંગેના અને અન્ય કામગીરી માટેના કરવા ભાવો આમંત્રિત કરવામાં આવેલ, જેની વિગતો આઈ.આઈ.ટી.ઈ.ની વેબ સાઈટ www.iite.ac.in પરથી જોવાની રહેશે, ભાવ પત્રક અંગેની વિગત વેબસાઈટ પરથી ડાઉનલોડ કરીને ભરવાના રહેશે. છેલ્લી તા.૧૯/૦૮/૨૦૧૯ હતી તેની જગ્યાએ તા.૩૧/૦૮/૨૦૧૯ સુધીમાં ભરીને પહોચાડવાના રહેશે.

સ્થળઃ- ગાંધીનગર — કા. કુલસચિવ

તારીખઃ- ૨૧/૦૮/૨૦૧૯ — આઈ.આઈ.ટી.ઈ.